સાલ : ૨૨ / સિલસિલાવાર નંબર : ૧૮૫ / શુમારો : ૫

بسم الله الرحمن الرحيم

ફુલ પાના - ૧૨

مشكوة الهادي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.

રમઝાનુલ મોઅઝ્ઝમ - શવ્વાલુલ મુકર્રમ ૧૪૪૬ / માર્ચ - એપ્રિલ ૨૦૨૫

## ફખરી વિરાસત (અપની ઝબાન)

વિરાસતની વાત આવે તો હર કોઈના ઝહેનમાં એક જ ચીઝ પૈદા થાય અને તે છે મિલ્કીયત, પૈસા, દૌલત, સોના-ચાંદીના ઝવેરાત, નકદ રૂપિયા, એફ-ડી, બેંકમાં જમા પૈસા, કંપનીઓના શેર, ઈન્શયોરન્સ વગૈરહ. આ ફાની દુનિયામાં ફાની થાનારી ચીઝોને લોકો વિરાસત સમઝીને પોતાનો હક્ક માની લેચ, હક્ક-જતાવેચ, બીજાનો હક્ક છિનવી લેચ, ઝઘડાઓ કરેચ, કોર્ટમાં કેસો કરેચ, ખોટા દસ્તખત્ત કરેચ અને કરાવી લેચ. વિરાસતની બાબત શરીઅત સિવાય અને સાહેબે દાઅવત સિવાય કોઈની **દખલગીરી યા ઝાતી મશ્વરો કે મનમાની** કોઈ પણ હાલતમાં ચલાવી સકાઈ નહીં. ગલત રાહસી યા ગલત હિસ્સાની મિલેલી વિરાસત સલામત રહી સકસે નહીં. ઘના મોટા નુકસાન સાથે તે હલાક થઈ જાસે.

આ ફાની વિરાસત સામે એક બાકી વિરાસત પન છે. શહરૂલ્લાહ મુમિન વાસ્તે ઈબાદતની વિરાસત બનાવવામાં અવ્વલ છે, તેમ શવ્વાલુલ મુકર્રમનો મહીનો ફખરી વિરાસત વાસ્તે મશ્હૂર છે. તેનો સબબ એ છે કે, શવ્વાલમાં ૪૧ માં દાઈએ હક્ક સૈયેદના જીવાભાઈ ફખરૂદ્દીન બિન સૈયદના અમીરૂદ્દીન સાહેબ (આ.કુ.) ના ઉર્સ મુબારક ૨૦મી તારીખે આવેચ. આ મુબારક મૌકો હમને ફખરી વિરાસતની યાદ અપાવેચ. **આ ફખરી વિરાસત ઇલ્મી વિરાસત છે.** આ વિરાસત બાકી રહેનારી છે, હમના તક છે અને આખિર ઝમાન તક રહેસે. આ વિરાસત દાઅવતે હક્કની હક્કાનીયત સાથે વાબિસ્તે છે. જહાઁ તક દાઅવત છે વહાઁ તક આ સરમાયો બાકી છે.

ફખરી વિરાસત આજે કિતાબોમાં છે, હફતીઓમાં છે, દિલોમાં છે અને ઝબાનોમાં છે. ૫૧ સાલની દાઅવતની મુદ્દત વાસ્તે આ ફખરી વિરાસત જે " **દીવાને હસીન** " ની શિક્લમાં છે, તે એક મુનવ્વર તાજ મુજબ છે. આ એક હિવી ઝિંદા વિરાસત છે જે હમને હમારી અસ્લીયતની યાદ અપાવેચ. આપ મૌલાના આ ઈલ્મી મજમૂઆ "દિવાને હસીન" માં હિવા અશ્આર, કસીદાઓ, મરસીયાઓ, સલામો, નસીહતો, અબ્યાતો, સિફ્તો સના, શરીઅતના અરકાનની અહેમીયતના કલામો, **કીમતી, નાદિર, બેનમૂન, બેમિસાલ, યાદગાર, ઝર્રીન, પુરઅસર, ગહેરા અને હર ઝમાન વાસ્તે ચકસાઁ, ગૌહર-જૌહર મુજબ છે,** જે આજે પન હમારી મજલિસો મહેફિલની ઝીનત અને જાન છે.

આપ મૌલાએ આપના ઝમાનમાં દાઅવતે શરીફહના દાએરામાં યા હિન્દુસ્તાનમાં અહલે ઈસ્લામના મુખ્તલિફ ફિરકાઓ માં જે જે ઝબાનો રાઈજ હતી યા બોલાતી હતી, તે તમામ ઝબાનોમાં આપે અશ્આર કહેલાચ. પછી તે **અરબી હોય કે ફારસી હોય કે ઉર્દૂ હોય કે હમારી ઝબાન લિસાનુદ્દાઅવત હોય.** મઝકૂર હર ઝબાનમાં આપ માહિર હતા અને માહિતગાર હતા. શાયેરીનો શૌક અને રગબત તિમ આ ફનમાં મહારત આપે આપના બહેન બુસાહેબા કૈયમબુ કે જે ફઈજીના નામસી મશ્હૂર હતા, તેમના ઝૈર આપે હાસિલ કીદી હતી. આપના આ ઝુકાવના સબબ જમાઅતના ઘના લોકો જે ઉપર મઝકૂર ઝબાન જાનતા હતા, તેમને પન ફન્ને શાયેરીમાં પોતાનો હાથ આઝમાવો હતો.

(બકીયહ પેજ નં. ૨ પર)

**ઈન્સાફ કરવો, તે ઈમાનનો હિસ્સો છે.**

(પેજ નં. ૧ નું બાકી)

જે વક્તે હમેં આપના **"દીવાને હસીન"** ને તપાસીએચ તો હમને માઅલૂમ થાઇચ કે, ૧૩૧૮ હિ. સી ૧૩૩૬ હિ. તક આપ મૌલાએ ઝિયાદહ સી ઝિયાદહ શેઅરગોઇ કીદેલીચ, કલામ તસ્નીફ ફરમાવાચ, અલગ-અલગ મૌઝૂઆત પર રોશની નાખીચ. કોઇને એક ખયાલ-ટોપિક આપવામાં આવે અને એને પોતાના નઝરીયાતને એની ઝબાનમાં, જુમ્લાઓ-ફકરાઓની શિક્લમાં લિખીને પૈશ કરવાનું કહેવામાં આવે, તો તે **ખૂબ જ આસાન કામ** કહેવાય. પન આ જ ચીઝને કોઇને નઝમમાં પૈશ કરવાનું કહેવામાં આવે તો તે કામ **ખૂબ જ મુશ્કિલ** અને લંબુ બની જાય. ઘનો ટાઇમ એમાં સર્ફ થઇ જાય.

પન આપ મૌલાએ મુખ્તલિફ મૌઝૂઆત પર એવા કલામ-અશ્આર કહેલાચ કે, જે આજે જે વક્ત હમેં પઢીએચ તો ઈમ જ લાગેચ કે, હમના જ આ લખવામાં આવાચ અને હમારા વક્તને પન બિલકુલ બરાબર ફિટ બેસેચ. આના સબબ આપના કલામ ઝિંદઓ જાવૈદ છે. આપે સલીસ, સાદી અને સીધી ઝબાનમાં કલામ કહેલાચ, જેને કોઈ પણ આમ શખ્સ આસાનીસી સમઝી સકે. તેના ઉપર અમલ કરી સકે. આપના અશ્આર-કલામ પઢીને આપના જે વક્તના ખયાલાતો, અફકાર, અલ્ફાઝની બંદિશ, મુખ્તલિફ હાલાતને પૈશ કરવાનો તૌર-તરીકો અને સાથે સાથે હમારા અકીદાઓ-આઅમાલનો પાસ રાખવાની કૈફીયત માઅલૂમ પડેચ. આપના વક્તમાં લિસાનુદ્દાઅવત અને બીજી ઝબાનોનો વપરાસ અને ઔજ કઇ તરહનો હસે તેનો અહેસાસ થાઇચ. આપના અશ્આર જ હમને ઈશારો કરેચ કે, રોઝમર્રાના કામકાજ અને મુઆમેલાતમાં અલાહેદા-અલાહેદા અલ્ફાઝ અને મુહાવેરાતનો ઈસ્તેમાલ કઇ તરહસી થઇ સકે.

આપ મૌલાએ જે જે મૌઝૂઆત-ટોપિક્સ પર અશ્આર તસ્નીફ ફરમાવેલા છે અને લબકુશાઇ કીદેલી છે, તેની મુખ્તસર ફહેરિસ્ત આ મુજબ છે :

- ✶ અલ્લાહતઆલાની તૌહીદ, હમ્દો સના.
- ✶ અહલુલ બૈત (અ.સ.) ની મદહો તાઅરીફ અને ફઝીલતો.
- ✶ મોહર્રમુલ હરામની ફઝીલત.
- ✶ કરબલાએ મુઅલ્લા વાસ્તે સલામ-મરસીયા.
- ✶ શહરૂલ્લાહિલ મુઅઝ્ઝમની આમદ અને રૂખ્સત.
- ✶ દાઅવતે શરીફહની હક્કાનીયત.
- ✶ કુરઆને કરીમ.
- ✶ અરકાને શરીઅત.
- ✶ જદીદ મકાન - દાઇએ હક્કના કદમ.
- ✶ મીસાક - બયઅત.
- ✶ સાલગિરહ - મીલાદ.
- ✶ ઈતાઅત - ખિદમત.
- ✶ દાઇએ હક્ક્ક અને આપના દરજાત.
- ✶ મૌત - મગફેરત.
- ✶ દોઆ - તસ્બીહ.

(બકીયહ પેજ નં. ૩ પર)

**મુમિનની સીરતમાં ઈન્સાફની આઅલા જગા છે.**

(પેજ નં. ૨ નું બાકી)

✷ દુનિયા - આખેરત.

✷ નેઅમત - શુક્ર.

✷ મજલિસ - આહો ઝારી.

✷ ઈમાન અને મુમિનના દરજાત.

✷ ઈલ્મ - તાઅલીમ - અમલ.

✷ ફૈઝ - જન્નતની નેઅમતો.

✷ અઝાબ - જહન્નમની આગ.

હમારી ખુશકિસ્મતી એ છે કે, જે ફખરી વિરાસતની હમેં યાં ગુફતગૂ કરીએચ યા દીવાને હસીનના કીમતી ઈલ્મી જવાહેરાતની ઝિક્ર છેડીએચ, તો હમારા નઝદીક આ દીવાનની કિતાબ છે તે ખુદ આપ મૌલાના દસ્તે મુબારક સી મરકૂમ, મલ્ફૂઝ અને તહેરીરશુદા છે. ઈમ નથી કે કોઈ નકલ કે નુસ્ખો છે. મગર આપ મૌલાના વક્તમાં જિમ-જિમ મૌકાઓ આવા, આપને વક્ત દરકાર થયો, તિમ-તિમ આપ તહેરીર કરતા ગયા. પહેલા અલાહેદા-અલાહેદા કાગઝાત હતા, પછી આપે જ તે તમામને જમાઅ કરીને એક કિતાબી શિક્લ આપી દીદી. જે આજ તક દાઅવતે શરીફહના ખિઝાનહમાં મૌજૂદ અને મહેફૂઝ છે.

તે દીવાને હસીન કિતાબ માંસી આજે પન હમેં આપની શીરીન, લચીલી અને પુરલુત્ફ ઝબાનથી શરબતે અશ્આરનું મીઠું પાની પી રહ્યાચ. આપના કલામસી જન્નતના ગુલિસ્તાનની ખુશ્બૂ આવી રહીચ. આપના ખત્ત મુબારક સી હિદાયતનું નૂર ઝાહિર થઈ રહ્યુંચ. **આજે પન આપ આપના અશ્આરના સબબ હમારા દરમિયાન હમારી મહેફિલો મજમાઅમાં ઝિંદા છે.** આપના કલામ પઢાયા બગૈર કોઈ મહેફિલ મુકમ્મલ થઈ જ ના સકે. દાઅવતે શરીફહની નહેજો રૂસૂમાતના આપના કલમા રૂહે રવાઁ છે.

આપના ઈન્તેકાલ બાદ આપના ૬ ફરઝંદો માંસી તમામે આપના કલામ-અબ્યાતને નક્લ કરીને મુખ્તલિફ હફતીઓ બનાવી અને પછી હુદુદે દાઅવતે તે માંસી પઢવાનું શુરૂ કીદું. ૪૨ માં દાઈ સૈ. બદરૂદ્દીન સાહેબ (આ.કુ.), તે બાદ ૪૩ માં દાઈ સૈ. નુરૂદ્દીન સાહેબ (આ.કુ.) અને તે બાદ ૪૪ માં દાઈ સૈ. તૈયબ ઝિયાઉદ્દીન સાહેબ (આ.કુ.) અને આજે પન આ હાતિમી દૌરમાં દીવાને હસીન માંસી ચુનંદહ કલામોની બેશુમાર હફતીઓ બની ચુકીચ અને તેમાંસી જ પઢવાની રસમ જારી છે. ચંદ અબ્યાત તેમાં હિવી છે કે, તમામ મુમેનીનને તે ઝબાની છે અને જે વક્ત તેને પઢવાની ઈબ્તેદા થાઈચ તો તમામ સાથે સાથે પઢેચ.

લિસાનુદ્દાઅવતને ઝિંદા રાખનાર આ ફખરી વિરાસત પર તમામ અલવી મુમેનીનને નાઝ હોવો જોઈએ. તેના સબબ હમારી અલવી ઝબાન ઝિંદા રહીચ. તેના સબબ આજે હમારી આઅલા મિસાલ બીજી કૌમોને દરમિયાન કાઈમ છે. આપ મૌલાની આ ઈલ્મી કાવિશ સી આજે હમારી જમાઅતનો અલવી પરચમ પૂરા ઈલ્મી આલમમાં બલંદતર છે અને ઈમામુઝઝમાન (અ.સ.) ની તાઈદ સી યૌમે કેયામત તક બાલાતર જ રહેશે. ✭

---

(પેજ નં. ૧૦ નું બાકી)

✧ કોઈ પણ તરહની કોઈના નઝદીક તકલીફ જોતા તો તેને દૂર કરવા કોશિશ કરતા હતા.

✧ કોઈ ઝિંદગીની ગરદિશોમાં ફસાય ગયો હોય તો એને ઈમ્દાદ કરતા હતા.

આખિરમાં અય સાહેબ ! એવું બનું જ નથી કે, કોઈ મારા બાવાજી પાસે હાજિત લઈને આવો હોય અને એની ઉમ્મીદ પૂરી ના થઈ હોય યા તો એને રદ કીધો હોય. હું હાતિમ તાઈની દીકરી છું." ✭

**અલ્લાહતઆલાએ તેની તખ્લીક ઈન્સાફથી બનાવેલી છે.**

## રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ૧૨ મુબારક સુન્નતો

### કિસ્ત - ૨૧

નબી સાહેબ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ઐન સુન્નતોમાંથી એક પાડોશીઓ વાસ્તે પણ છે. તે છે એમનો ખયાલ, ઇઝઝત, તઅલ્લુકાત, રહેમદિલી અને મોહબ્બત. આનાથી ઘરની બંદિશો અને હિદાયતના તકાઝા બરકરાર રહે છે. આ રિશ્તાઓ એતેમાદ અને ભરોસા પર ચાલે છે. જોવા જઈએ તો પાડોશીઓ નો રિશ્તો બીજા ખાનદાની રિશ્તેદારો કરતા ઝિયાદહ પાકો અને અહમ સાબિત થાય છે.

આ બાબમાં આગલા શુમારાઓમાં ઘણી નસીહતો આવી ગઈ છે. મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) આપના ફરઝંદોને બેસાડીને ફરમાવે છે કે,

✤ અલ્લાહતઆલાએ મરદ અને બૈરોને અલાહેદા-અલાહેદા તબીઅત-મિઝાજના બનાવેલા છે. આ તરહની તખ્લીકે ઈન્સાની પાછલ ખૂબ મોટી હિકમત છે. શરીઅતે મરદ પર એવી ચીઝો ફરઝ કરે છે જે બૈરો પર નથી હોતી અને બૈરો પર એવી ચીઝો ફરઝ કરવામાં આવી છે, જે મરદ પર નથી. મરદ વસ્તે અકલ, વેપાર, તહેઝીબ અને અદબ છે, મગર બૈરો વાસ્તે શરમ, ખિદમત, તઅલ્લુકાત અને હયા છે. તો આ કહેવું બજા છે કે, મરદનું તરાજવું-મીઝાન અદબ છે અને બૈરોનું તરાજવું શરમ છે.

અય મારા ફરઝંદો ! ઈન્સાનની કામિયાબી વાસ્તે આ મીઝાન ખૂબ જ અહમ છે. જેમ તરાજવામાં હર એક ચીઝ જે મુકવામાં આવે તો તેમાં વધારો કે કમી માઅલૂમ પડે છે, તેનું અસલી વઝન ખબર પડે છે. તે જ મુજબ તેની કીંમત અદા થાય છે. આ તરીકા પર કોઈ પણ શખ્સની કીંમત-અહેમીયત-કાબિલીયત એની **અદબ, અકલ અને તજરૂબાની બિના પર અંકાય છે.**

✤ અય મારા ફરઝંદો ! અલ્લાહતઆલા સિવાય કોઈ પણ ચીઝ વાહિદ, એકલી, એક કે તન્હા નથી. હરએકના જોડીદાર-સાથીદાર હોય જ છે. તેના બગૈર કોઈને ગત નથી, ચૈન નથી, ઠહેરાવ નથી. તમેં યાદ રાખજો ! નૈક ચાલ-ચલણ, બહેતર સુલૂક અને આઅલા અખ્લાક તે તમારો ભલો સાથીદાર છે. તમારી શનાખ્ત સાથે સાથે તે હશે. લોગોના ઝહેનમાં આ અખ્લાકે હમીદહ એક ખૂબસૂરત તસ્વીર બનાવશે અને તે વાસ્તે તમેં યાદ કરવામાં આવશો.

✤ અય મારા ફરઝંદો ! તંદુરસ્તીના ૧૦ હિસ્સા કરવામાં આવા છે. તેમાંથી ૯ હિસ્સા એવા છે જે દુનિયાના લોગોના મુઆમેલાત સાથે તઅલ્લુક રાખે છે. આ ચીઝો અલ્લાહતઆલાની ઝિક્ર સિવાયની છે. મગર મુઆમેલાત એવા છે કે, જેમાં સંજીદગી અને મિયાના રવી હોવી લાઝિમ બની જાતી હોય છે. આમાં પણ ઝિયાદહથી ઝિયાદહ ખામોશી-ચુપકીદી પસંદ કરવાનો હુક્મ છે. આ અમલના સબબ તંદુરસ્તી આવે છે. જે એક હિસ્સો રહી ગયો તે બેવકૂફોનો સાથ છોડી દેવાનો અને અક્લમંદોની સોહબત પસંદ કરવાનો છે. આ આખિરી હિસ્સાના સબબ તંદુરસ્તી ઔર ઝિયાદહ મઝબૂતીથી કાઈમ રહે છે. **યહાઁ, તંદુરસ્તી ફક્ત તન-બદનની નથી, મગર તેમાં મનની દુરસ્તગી, દૌલતની દુરસ્તગી અને સમાજની દુરસ્તગી શામિલ છે.**

✤ અય મારા ફરઝંદો ! ઝીનત, ખૂબસૂરતી, શ્રૃંગાર હર કોઈને તેના તરફ ખેંચે છે, માઈલ કરે છે, કશિશ પૈદા કરે છે. ઝરૂરી ઝીનત બગૈર તે ચીઝ કઢંગી લાગે છે, કદરૂપી લાગે છે. જિસ્મે ઈન્સાનીની ઝીનત એના ચહેરામાં છે અને દીને મુમિનની ઝીનત એના ઈમાનમાં છે. કુરઆને કરીમની ઝીનત આયતુલ કુરસી છે. આસ્માનો અફલાકની ઝીનત ચાઁદ છે. ગરીબીની ઝીનત સબર છે અને તવંગરીનો શ્રૃંગાર શુક્ર છે. ✯

**જે જગા પર ઈન્સાફ નથી તે જગા ઝુલ્મો જબર હશે.**

**યૌમે કેયામત, ઈન્સાફનું તરાઝૂ કાઈમ થાશે.**

## વઝકુર ફિલ કિતાબે ઈસ્માઈલ
## મૌ.ઇમામ ઇસ્માઇલ બિન મૌ.ઇમામ અસ-સાદિક (અ.સ.) ની તારીખે ઇસ્માઇલી - કિસ્ત-૭

- **છઠ્ઠી દલીલ :**

ઈમામે હક્ક સાથે ઈમાન જોડાયેલું હોય છે. ઈમાન યા ઈમાનદારો ની હાજિત ઈમામથી પૂરી થાય છે. શરીઅતની બુનિયાદ મઝબૂત કરવા વાસ્તે સહીહો સાલિમ ઈમાનની ઝરૂરત પૈશ આવે છે. ઈમામે હક્કની પૈરવી આ ચીઝને અંજામ તક પહોંચાવે છે. આ જ સાહેબ શરીઅતના અરકાનના, ફરમાનના અને રસમોના હાફિઝ હોય છે, સાચવનાર હોય છે. અલ્લાહતઆલાના કલામના નાતિક-બોલનાર હોય છે. આ કલામુલ્લાહ નો મજમૂઓ એક કિતાબની શિક્લમાં હમારા નઝદીક છે, જેને હમેં કુરઆને કરીમ કહીએ છે. ઈમામે હક્ક જાણે કે, કુરઆનમાંથી બોલે છે યા કુરઆનને બોલાવે છે, **તેથી એ બોલતી કિતાબ છે, નાતિકુલ કુરઆન છે.** તેમાં જે લખાયેલું છે તે હકીકત છે. તેમાં કોઇ પણ ઝમાનમાં કોઇ પણ ચીઝ ઓછી - વધતી થાતી નથી.

ઈમામે હક્કની આઅલામાં આઅલા ઝિમ્મેદારી દીને હક્કને તેની અસલી હાલતમાં ઝિંદા રાખવાની છે. આપ રગબત અને શૌકથી લોગોને ઈસ્લામ તરફ દાઅવત આપે છે. આપની આ દાઅવત ફક્ત દુનિયા વાસ્તે નથી પણ આખેરત વાસ્તે છે. આપની અલ્લાહતઆલા તરફથી નુમાઈંદગી બેવે જહાન વાસ્તે હોય છે. યૌમે કેયામત કોઈ પણ શખ્સ આમને આમ નહીં હોય, **પણ યા તો એને કોઇ જઝા આપનાર હશે યા સઝા આપનાર હશે.**

મહેશરમાં હરએકના આઅમાલના શાહિદ અને નિગાહદાશ્ત ઈમામ હશે, જે તમામ પર અલ્લાહતઆલાના ફેસલા અને હુક્મને આઈદ કરશે, સંભલાવી દેશે. દુનિયામાં જે લોગો દીન-શરીઅત, હલાલ-હરામ, જાઇઝ-નાજાઈઝ બાબત તનાઝોઅ, ઝઘડો યા કીલોકાલ કરતા હતા તે તમામની ઝબાન બંધ થઈ જાશે. તેઓના સર શરમિંદગીથી ઝુકી જાશે. આપ ઈમામ તમામ ઈખ્તેલાફાતને દૂર કરી દેશે. દીનની હકીકતોને હકીકી કુરઆનથી બતાવી દેશે. ખોટી તફસીરો કરનાર, ખોટા બયાનો કરીને આપ ઈમામ વાસ્તે ઝહેર ઓકનારની ગરદનોને ખમ કરી દેશે.


ઈમામે હક્ક તે રૂહાની દરજાના માલિક છે જેના નઝદીક દીનો દુનિયાનો કોઇ પણ ઉકદો, કઝીયો યા ઝઘડો રહે જ નહીં. આપ તેને દૂર કરવા જ જહાનમાં પધારેલા છે. આપના હાથમાં અલ્લાહતઆલાએ અદલો ઈન્સાફનું તરાઝૂ આપેલું છે. તેમાં આપ હર ચીઝને તોલી-માપીને મુકે છે. હર એક ચીઝ તેની જગા પર મહેફૂઝ હોય એમ આપ ચાહે છે. આપ ગુનાહગાર લોગોના ગુનાહોની મગફેરત અલ્લાહતઆલથી તલબ કરે છે. **આપ લોગોને તેઓના મકસદ તરફ પહોંચાડે છે,** યાઅની ઈબાદત-નમાઝ પઢવા પર લગાવે છે. અપના ઉપર અલ્લાહતઆલા તરફથી હુક્મ થયેલો છે કે, લોગોની દૌલતમાંથી ફલાઁ-ફલાઁ ચીઝ માંગો તો જ દૌલત પાક થાશે. કોઈની દૌલત નાપાક હશે અને નમાઝ પઢશે તો તે તમામ ઝાયેઅ થઈ જાશે. લેહાઝા, આપ હુકૂકુલ્લાહ અને વાજેબાતે દીનીયહ લોગોથી તલબ કરે છે.

ઈમામે હક્કના હાથમાં ખુદાની તમામ હદોની લગામ છે. હર એક શખ્સ આ દીનના દાએરામાં મહેદૂદ છે. કોઈ વક્ત પણ આપ મુમિનને આ તયશુદા હદથી બાહર નિકલવા દેતા નથી. તેને કાઈમ કરવામાં જ આપની ખૂબીનો ઈઝહાર થાય છે. જે વકત હલાલો હરામ બાબત યા દીનના કોઇ પણ અમર યા અકીદાની માઅરેફત વાસ્તે સવાલ થાય છે, તો **આપ તેનો માઅકૂલ-મુસબિત જવાબ આપે છે અને દિલોની ઊલઝનોને દૂર કરે છે.**
(બકીયહ પેજ નં. ૬ પર)

**હક્કના સાહેબ હર વક્ત ઈન્સાફને કાઈમ કરે છે**

## લફઝી કશ-મ-કશ

**✻ ઉભી તરકીબ :**




૧) ઈન્સાનને અલ્લાહતઆલાના અઝાબનો ----- હશે, તો એ કોઈ વક્ત શર અને ખરાબી નહીં કરે. (૨)
૨) શહરૂલ્લાહની ઈબાદતોને જે કોઈ બહેતરમાં બહેતર તૌરથી અદા કરશે તો અલ્લાહતઆલા તરફથી એને મગફેરત અને નજાતની ---- હાસિલ થાશે. (૩)
૩) રૂહાની દરજાતમાં તમામ કરતા બલંદતર અને બાલાતર દરજો ----- નો છે. (૩)
૭) મુનાફિક શખ્સ જે દુશ્મને હક્ક હોય છે, એ સાપ જેવો ----- હોય છે, જે મૌકો જોતા ડંખ મારી દે છે. (૨)

**✻ આડી તરકીબ :**

૨) ----- પર જાનાર વાજિબ છે કે, એ તમામ વાતોને અમાનત રાખે. કોઈ રાઝને ઝાહિર કરે નહીં. (૩)
૪) ------- કરતા આઁખની શાહિદી ઝિયાદહ મઝબૂત હોય છે. (૨)
૫) જે બૈરો સુવાવડના મરહલામાં હોય એને ------ નું પાની ફાયદો આપે છે. (૨)
૬) અલ્લાહતઆલાએ તેના તરફ આવવા વાસ્તે હર તખ્લીકમાં ------ અને નિશાની મુકેલી છે. (૩)

**લફઝી કશ-મ-કશનો ખુલાસો :-**



**નોંધ :** લફઝી કશ-મ-કશના કૉલમના સવાલાતનો હલ આ સાથે જ આખિરમાં ઊંધા જવાબો પ્રિન્ટ કરીને આપવામાં આવો છે. કારેઈનથી ઈલ્તેમાસ છે કે, પહેલા સવાલાતને હલ કરવાની કોશિશ કરે અને પછી ખુદ જ પોતાના જવાબો સહી છે કે ગલત, તેની તફતીશ કરે. ✯

---

(પેજ નં. ૫ નું બાકી)

આપના જદ્દે અમજદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) જે કઈ ફરમાવી ગયા તે આપ ઉમ્મત તરફ પહોંચાડે છે. પછી તે લોગો ઉપર છે કે, તેઓ ફરમાને નબવીની ઈત્તેબાઅ કરે છે કે ઈસ્તિન્કાર કરે છે. યાઅની માને છે કે ઠુકરાવી દે છે. માનનાર લોગો ભલાઈ અને નૈકી તરફ પહોંચશે. આપ તો ઉમ્મતની ખૈરીયત વાસ્તે રાહે રાસ્ત જ બતાવે છે અને રાહે બદથી રોકે છે.

આ તમામ બયાનો, અરકાનો, નુકતાઓ યા અસબાબો ને ઈમામ ની મોહતાજગી રહે જ છે, દીન-ઉમ્મતને ઈમામની ઝરૂરત પૈશ થાય જ છે, રૂસૂમાતે શરીઅતને પુખ્તગી અને હિફાઝત બખ્શવા ઈમામની હાજિત પડે જ છે. લોગોના ઈખ્તેલાફાતને ઈત્તેહાદમાં તબ્દીલ કરવા વાસ્તે ઈમામે હક્કનું હોવું અઝહદ-અઝહદ ઝરૂરી બની જાય છે. આપ ઈમામ, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની જગા પર છે, **વારિસ છે, ઉમ્મતના કાઝી છે, હર એક ચીઝના નિગેહબાન છે.** આપની કૂવત અને ઈખ્તિયાર અલ્લાહતઆલા તરફથી છે. આપનો ગૈર જે આપના દરજાનો દાઅવો કરે તે જૂઠો છે, મક્કાર છે અને તાગૂત છે. ✯

---

**અલી બગૈર કોઈ બુતુરાબ હો ન સકા,**
**યે વો સવાલ હે જિસકા જવાબ હો ન સકા,**
**બહુત સે હાફિઝો કારી બને મગર કોઈ,**
**અલી સા આમિલે ઉમ્મુલ કિતાબ હો ન સકા.**

**હર એક ચીઝને તેની જગામાં મુકવી, તે ઈન્સાફ છે.**

## અપની ઝબાન

હરએક કૌમની પહેચાન તેની ઝબાનથી થાય છે. ખુદાતઆલાએ પણ કુરઆને કરીમને અરબસ્તાનમાં તેના લોગોની ઝબાન યાઅની અરબીમાં નાઝિલ ફરમાવા અને તે પણ આસાન-સલીસ ઝબાનમાં. આ સાથે કુરઆનમાં તમામ અલ્ફાઝની અસલ-જડ અરબીથી નથી પણ બીજી ઝબાનોથી પણ ચંદ અલ્ફાઝ તઅલ્લુક રાખે છે. ખાસ કરીને ઈબરાની ઝબાન. યાઅની કે, કોઇ એક ઝબાનમાં બીજી મુખ્તલિફ ઝબાનોના મુહાવેરા-અલ્ફાઝ-બંદિશો શામિલ હોય છે. હમારી કૌમ જમાઅતે અલવીયહ નાજીયહની ઝબાન લિસાનુદ્દાઅવત છે. હમને ખબર છે કે, આ ઝબાનમાં ગુજરાતી સાથે અરબી, ઉર્દૂ, ફારસી અને હવે અંગ્રેજીના અલ્ફાઝ મખ્લૂત છે, મમ્ઝૂજ છે, મિલેલા છે. યાઅની કે હમારી લિસાનુદ્દાઅવત મુખ્તલિફ ઝબાનોનું મિક્ષર છે.

આ સિવાય હમેં ઘરમાં, બાઝારમાં, વેપારમાં, રિશ્તાઓમાં, બચ્ચાં સાથે, હસીં-મઝાકમાં, હલકા-ફુલકા માહૌલમાં, તહેવારમાં, ઈબાદતોમાં, હમજોલીઓ-દોસ્તો સાથે, ખુશી-ગમીમાં વગૈરહ એવા અલ્ફાઝ બોલીએ છે, જેનો કોઈ ઝબાન સાથે રિશ્તો-તઅલ્લુક હોતો નથી. ફક્ત તે ચીઝો હમારી બોલચાલમાં વરસોથી દાખિલ થયેલી છે અને કંઈ જ વિચારા બગૈર હમેં તે હાલાત અને બનાવને સમઝાવવા તેને બોલીએ છે. આ અલ્ફાઝ-મુહાવેરાને હમેં યહાઁ આ કોલમને માતહત લાવીશું. એવા અજીબો-ગરીબ અલ્ફાઝ-મુહાવરાને યાદ અપાવીને તેનો મતલબ બતાવીશું. કેટલીક એવી ચીઝો છે જે આજે હમારી ઝબાન પરથી ભુલાઇ ગઈ છે. આ કોલમના સબબ હમને તે જુની ઝબાન યાદ આવશે.

કારેઈન પાસે જો આ તરહના બાઝારૂ યા હલકા-ફુલકા અલ્ફાઝ હોય, ઈસ્તેમાલ કરતા હોય, બોલતા હોય તો તેને ૯૨૨૭૫૯૮૯૦૯ પર વોટસએપ કરી મોકલી આપશો.

**ગયા શુમારાના અલ્ફાઝ :**

અખ્ખી, બુસ્કોટ, ચિલ્લી ઢમસલ્લા, ડરબું, હલામની.

**નવા અલ્ફાઝ :**

**હીસ્વો :** મોટું કઢંગું બદન, ઝોર-ઝોરથી ચાલવું.

ઈસ્તેમાલ : હીસ્વા જિમ ના બેસો કઈ સોફો તૂટી ના જાય.

**ઇન્તુગાડી તિન્તુગાડી :** બહુ જ ઓછા લોગો.

ઈસ્તેમાલ : ઈન્તુગાડી તિન્તુગાડી માં મઝા ના આવે, વધારે માણસો હોય તો કહેજો.

**જલાપો :** બગૈર કોઈ સબબ મેહનત કરવી, ફિકરમાં પડવું.

ઈસ્તેમાલ : આ જલાપો લઈને કાં ફિરવાનું. હાઁ કહેતા પહેલા લાખ વાર વિચારવું જાઈતું તું.

**ખોટીયું :** કામ બગૈરનો અને વક્ત ઝાયેઅ કરનાર.

ઈસ્તેમાલ : આવો ખોટીઓ ! વાતોના પડીકા જ છે, કઈ દમ નથી, સંભાલજો !

**લંબુસ્તાન :** જેની જિસ્મની લંબાઈ ઝિયાદહ હોય.

ઈસ્તેમાલ : આ મારો લંબુસ્તાન તો ઊભો-ઊભો જ ઇચારની બન્ની કબટ પરસી કાઢી દેસે. ✫

---

**જે શખ્ના કલામ ઘણા ઝિયાદહ થાશે, એ ઘણી વધારે ભુલો-ખતાઓ કરશે, જેની ભુલો ઝિયાદહ થાશે એમાં શરમ ઓછી થાશે, ઓછી શરમવાલો શખ્સ પરહૈઝગાર નહીં હોય. બગૈર પરહૈઝગારી એ શખ્સ નું દિલ મરી જાશે અને જેનું દિલ મરેલું હશે, એ જહન્નમી બની જાશે.**

**અબ્દ, એના માઅબૂદથી ઈન્સાફ તલબ કરે છે.**

## " ગરદન મેં બયઅત અલી કી "

બશર સે અદા ક્યા હો મિદહત અલી કી,
ખુદા જાનતા હે હકીકત અલી કી.

અગર ચાહે દીદાર હક્ક કા કોઈ,
તો દેખે બિલા-શક વો સૂરત અલી કી.

કિયા રબને અપને નબી સે કલામ,
નબી કી ઝબાઁ પર હે વોકઅત અલી કી.

કદમ મુરતઝા કે હો પુશ્તે નબી પર,
થી અલ્લાહો અકબર યે રિફઅત અલી કી.

થે અસ્હાબે અહમદ બહુત કુછ વલેકિન,
મુસલ્લમ થી સબ પર ફઝીલત અલી કી.

ન હોતી બિના દીને અહમદ કી કાઈમ,
ન હોતી નબી કો જો નુસરત અલી કી.

નુસૈરી કે લબ પર યહીં કૌલ થા,
હે કુદરત ખુદા કી જો કુદરત અલી કી.

જિધર દેખતા હું ઉધર તું હી તું હે,
બસી હે નિગાહોં મેં સૂરત અલી કી.

છિપાને સે દુશ્મન કે ક્યા હો સકે,
હે અઝહર મિનશ શમ્સ શોહરત અલી કી.

હે તૌકો સલાસિલ કા વો મુસ્તહિક્ક,
ન હો જિસકી ગરદન મેં બયઅત અલી કી.

કહા મુસ્તફાને બરૌઝે ગદીર,
ગરઝથી અયાઁ હોવે ઈઝ્ઝત અલી કી.

અલી ઉસકા મૌલા હે જિસકા હું મૈં,
જો હુરમત હે મેરી વો હુરમત અલી કી.

મોહિબ્બે ખુદા હે મોહિબ્બ મુરતઝા કા,
હે નારે જહન્નમ અદાવત અલી કી.

હે મહેરૂમ દારૈન મેં વો શકી,
ન હો જિસકો હાસિલ શફાઅત અલી કી.

ઉખાડા એક ઊંગલી સે જબ બાબે ખયબર,
હુઈ સબકો માઅલૂમ કુદરત અલી કી.

લિયા જબકે ખંદક મેં પરચમ અલીને,
તો ઝાહિર હુઈ ફત્હો નુસરત અલી કી.

રહેગા વો ગુમ્રાહી પર હી સદા,
ન હો જિસકો હાસિલ હિદાયત અલી કી.

બહુત સે થે અસ્હાબ નઝદીક લેકિન,
ન થી એક મેં ભી શુજાઅત અલી કી.

નહીં કોઈ તૌશા અમલ નૈક કા,
અગર હે તો હે બસ વલાયત અલી કી.

ન હો રૌઝે મહેશર કા કુછ ખૌફ મુઝકો,
યકીં હે બચા લેગી ઉલ્ફત અલી કી.

હે હર દમ મેરે લબ પે નામે અલી,
હે તસ્બીહ દિલ મેં મહબ્બત અલી કી.

મુનવ્વર વો હી દિલ હે હામિદ હમેશા,
જો બસ જાએ જિસમેં મવદ્દત અલી કી.

યે હાતિમ શહા નાઈબે મુરતઝા હે,
ખુદા કર અતા ઈનકો કૂવત અલી કી. ☆


### તિજારત

**Ismat Tinwala (MA, B.Ed.)**
**25 Years** of Proficiency in
Sanskrit, Hindi & Gujarati Subjects.
**8th to 12th (GSEB, CBSE, ICSE)**
**A2/103, Ali Chamber-1, 1st Floor, Taiyebi Park, Ajwa Road, Vadodara - 390019.**
**Ph.: 09409156524** ☆


**હર નીચો શખ્સ, એના માલિકથી ઈન્સાફ ચાહે છે.**

## ગુલ્શને ફિકહ – શરીઅતનું હલાલો હરામ
### બીમારીની ઝિક્ર - કિસ્ત - ૧૬

ચોથા ફાતેમી ઈમામ મૌ.અબૂ જાઅફર મોહંમદ અલ-બાકિર (અ.સ.) થી બયાન આવેલું છે કે, મૌલા ! હમેં આપને જનાઝહ અને વલીમહ મુતઅલ્લિક સવાલ કરવા માંગીએ છે કે, અગર કોઈ શખ્સના નઝદીક જનાઝહ અને વલીમહની તરફ દાઅવત-બુલાવો એક સાથે આવે તો તેનો ફેસલો કઈ તરહ કરે ? યાઅની કે, તે બેવે માંથી પહેલા કોને જવાબ દે. આપ મૌલાએ ફરમાવું કે, **"જનાઝહને જવાબ દે. સબબ કે, જનાઝહની હાઝિરી તમને મૌત અને આખેરતની યાદ અપાવે છે અને શાદી (વલીમહ) નું જમન અને રૂસૂમાત તમને આખેરતથી ગાફિલ બનાવી દે છે."**

આ નુકતું ખૂબ ઈબ્રતનાક છે. કોઈને હાંક મારવામાં આવે, દાઅવત અરઝ કરવામાં આવે અને જો તે ચીઝ ખૂબ અહમ હોય, ઝરૂરી હોય, તો તેમાં શરીક થાવું જ પડે યા બિલફર્ઝ જાવું જ જોઈએ. નિકાહ અને મૈયેત તો હમારી ઝિંદગી અને સમાજી ઊસૂલના અહમ અને યાદગાર મૌકા છે. હમેં યાદ રાખીએ છે કે, આ બે ચીઝોમાં કૌન શરીક થયું અને કૌન નથી થયું. એકમાં ખુશીનો ઈઝહાર થાય છે અને બીજામાં ગમનાક ફિઝા પૈદા થાય છે. ફક્ત મુદારાત વાસ્તે પણ હમેં બેવે મૌકા પર જાવાનું ચુકતા નથી.

ઈમામ આલી મકામ ફરમાવે છે કે, મૌતને લગતી હર એક ચીઝ હમને તે જગા, ઝિંદગી અને મકામની યાદ અપાવે છે કે જેમાં બકા છે, હમૈશગી છે, કાયેમી રહેવાની જગા છે. જનાઝાની નમાઝની પુકાર ફના થાવા તરફ અને માટીમાં મિટવા તરફ જાવાનું પહેલું પગથિયું છે. આ દાઅવતમાં જેના નામની પુકાર થાય છે તે હમને યાદ અપાવે છે કે, આજે એ શખ્સની પુકાર થઈ અને એ મૌતને ગલે લાગીને આખેરતનો રાહી બનો, તે જ મુજબ કાલે હમારા વાસ્તે પણ જનાઝહની દાઅવતે નમાઝ દેવામાં આવશે અને હમેં પણ આ જ તરહ એક મુસાફિરને મુજબ આ આરઝી જગાને મુકીને કાયેમી જગા તરફ કૂચ કરી જઈશું. **આ તમામ હિકમત છે, ઇબ્રત છે, હકીકત છે, બૈદારી છે અને ઉમ્મીદે ફઝલે ખુદા છે.**

બીજી તરફ હમેં નઝર કરીએ તો માઅલૂમ થાશે કે, વલીમહ-શાદી-નિકાહખ્વાનીનો મકસદ દુનિયાના ઊમૂરને ઉસ્તૂવાર કરવાનો છે. દીકરા-દીકરીના ઘર-સંસારને વસાવવાનો છે અને નસ્લે ઈમાનીને આગલ વધારવાનો છે. આ પૂરી ચીઝને અંજામ આપવામાં મહેમાનો, રિશ્તેદારો, જમન, તોહફાઓ, રંગરોગાન, જવાહેરાત, કપડા, દારૂખાનું, ફરશ, મંડપ, શહેનાઈ, ફૂલહાર, ઝીનતનો સામાન, મહેંદી વગૈરહની ઝરૂરથી હાજિત પૈશ આવે છે. શાદી કરવી અને શાદી રચાવવી, એ પણ સુન્નતે મુઅક્કદહમાંથી જ છે. **સમાજી ઊસૂલ અને ઇન્સાની તબીઅતનો તકાઝો છે.** શહેવત અને ખ્વાહેશાતમાં તસ્કીનો કરાર બખ્શવા એક કારગર નુસ્ખો છે. આના સિવાય ઝિંદગી અને ઈમાન બેવે અધુરા છે. આનાથી ઘર અને સંસાર કામિલ અને પાકો સાફ થાય છે. ઝિના અને બદકારીથી મહેફૂઝ રહેવાય છે. મગર આ ચીઝો હમને આખેરતની મંઝિલથી ગાફિલ કરી દે છે.

ફરમાને અહલે બૈત (અ.સ.) એ મુજબ આવેલું છે કે, હમને તે ચીઝ ઝિયાદહ પસંદ કરવાની છે, મુકદ્દમ કરવાની છે, જે હમને મંઝિલે આખેરત તરફ લઈ જાય. એવી રાહ પર લઈ જાય કે જેનો છેડો હમને હમેશા રહેવાની જગા પર લાવીને છોડી દે. **તે જનાઝાની પુકાર છે, વલીમહની દાઅવત નથી. હાલાંકે બેવે જાઇઝ અમલ છે**, પણ હમને તેમાંથી એકને આગલ કરવાનો છે અને બીજાને પછી નાંખવાનો છે. જો અગર બેવે એક વક્ત પર યા એક જગા પર જમાઅ થાય તો. ✰

**ઈન્સાફ બગૈર, હુકૂક અને ઝિમ્મેદારીઓમાં ટકરાવ–તસાદુમ પૈદા થાય છે.**

## જાહિલીયતના સખી લોગો – હાતિમ તાઈ
### કિસ્ત - ૧

જાહિલીયતના ઝમાનામાં જે વક્ત બુતપરસ્તી આમ હતી, સમાજી ઊસૂલની કમી હતી, નાની-નાની વાતો પર જંગો જિદાલ થાતી હતી, દીનદારી-દેયાનતદારી બદતરીન હાલતમાં હતી, તે માહૌલમાં અલ્લાહતઆલા તરફથી ચંદ લોગોને સખાવત-કરમબખ્શીની નેઅમત પહોંચી હતી. તેમાં કાબિલે ઝિક્ર ચાર લોગો છે. તેઓ સખાવતના દરીયા હતા અને બીજા ઉપર દૌલતને નિછાવર કરવામાં અવ્વલ હતા. તેઓના નામ, (૧) હાતિમ બિન અબ્દિલ્લાહ તાઈ (૨) હરમ બિન સિનાન (૩) ખાલિદ બિન ઊબૈદિલ્લાહ અને (૪) કઅબ બિન મામતિલ અયાદી. આ ચારે માંથી હાતિમ અને કઅબની સખાવતની મિસાલ અખ્બારની કિતાબોમાં આપવામાં આવી છે. મગર કઅબ કરતા હાતિમ ઝિયાદહ મશ્હૂર છે કે જેની ઝિક્ર હમેં કિસ્તન-કિસ્તન કરીશું.

હાતિમ તાઈના અખ્બાર ઘણા છે અને એની સખાવત-દરીયા દિલીની મિસાલો-આસાર મશ્હૂરો મઅરૂફ છે. એની કુનીયત અબા સફ્ફાનહ અને અબા અદી છે. આ હાતિમનો દીકરો અદી રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ને અદાવત કરતો હતો. પછી આપે આપના કાઈમ-મકામ મૌ.અલી બિન અબી તાલિબ (અ.સ.) ને તઈ કબીલા તરફ મોકલા. આ જાણી ને અદી પોતાના બૈરો-બચ્ચાંને લઈને તે જગા પરથી નાસી છુટો અને શામ જઈને તે જ જગા પર વસી ગયો. મગર પોતાની બહેન સફ્ફાનહ ને તન્હા મુકીને બેસહારા કરી ગયો હતો.

જે વક્ત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) આપના અસ્હાબને લઈને તે જગા પર પહોંચા અને ઘોડેસવારો દુખ્તરે હાતિમ સફ્ફાનહ ને અને એના કબીલાના લોગોને પકડીને લાવા અને નબી સાહેબને નઝદીક પૈશ કરવામાં આવા તે વક્ત હાતિમની દીકરી સફ્ફાનહ બોલી, "અય સાહેબ ! આપ તો કરમ ના સાહેબ છો. ઝુલ્મ આપનાથી કોસો દૂર છે. આ એક બૈરો કે જેના વાલિદ ગુઝરી ચુકા હોય, ભાઈ છોડીને ચાલો ગયો હોય, દેખભાલ કરનાર કોઈ જ હાઝિર ના હોય અને લાચાર કરી દેવામાં આવી હોય તો હવે હું આપની રાઈ ચાહું છું. ઉમ્મીદ છે કે, **એક અરબના કબીલાના લોગોને આપ નાખુશ નહીં કરો અને મને બાઇઝ્ઝત છોડી દેશો.**"

ઔર મઝીદ એ દીકરી નબી સાહેબને કહે છે કે, "આપ મારા ઉપર કરમની નિગાહ કરો, કેમકે, મારા બાવાજી એની કૌમના સરદાર હતા.

- ✧ કોઈને નાહક્ક કૈદ કરવામાં આવે તો ફૌરન એને છોડી મુકતા હતા.
- ✧ કોઈ મુજરિમ હાથમાંથી છટકી જાય તો એના સિપાહીઓને પકડવા મોકલતા અને મુજરિમને ખૂબ સઝા કરતા યા તો એને કત્લ કરતા હતા.
- ✧ મારા બાવાજી ગરીબોની આબાદીમાં એક આમ શખ્સ જેમ ફિરતા અને જે કોઈ મોહતાજ-ઝરૂરતમંદ હોય એની ખબરગીરી કરતા હતા.
- ✧ કોઈને અગર વચન આપે તો તેને વફા કરવામાં દિલો જાન લગાવી દેતા હતા.
- ✧ કોઈના ઉપર નાગહાની મુસીબત આવી પડે અને એ શખ્સ લાચાર-મજબૂર થઈ જાય તો એની હત્તલ ઈમ્કાન મુસીબતને દૂર કરતા હતા.
- ✧ ભુખા લોગો વાસ્તે જમણનો ઈન્તેઝામ કરવામાં હર વક્ત તૈયાર રહેતા હતા.
- ✧ કોઈના સાથે પણ મુલાકાત કરતા તો ખુશહાલી અને હસતા મૂઁહથી મિલતા હતા.

(બકીયહ પેજ નં. ૩ ૫૨)

**ઝબાન અને હાથથી ઈન્સાફનો અમલ જારી થાય છે.**

## બંદો અને રબ્બ (અપની ઝબાન)

અક્લસી મુમિન બીજા ઉપર બરતરી હાંસિલ કરેચ. એની અક્લ બીજા કરતા પુખ્તા તેના સબબ છે કિમકે એના દિલમાં ઈમાનો યકીનની તાકત હોવાસી એ હિવી ચીઝ સોચી અને કરી સકે છે કે, જે બીજાઓ વાસ્તે મુશ્કિલ હોય. તૈઝ અક્લના લીદે એની નઝર, તસવ્વુર અને ખયાલાત નૂરાનીદાર અને બહેતર હોઈચ.

મુમિન રબ્બની માઅરેફત કરતા પહેલા સોચેચ કે, એ બંદો ક્યા સબબસી છે ? એની તખ્લીક પાછલનો રાઝ સું છે ? દુનિયામાં એની હૈસીયત શું છે ? એની ઝિંદગીના માઅના-મત્લબ સું છે ? એના બંદો હોવાસી એને કયા કયા, ફરઝોનું પાલન કરવાનુંચ ? ફના થયા પછી એના ક્યા આઅમાલ ઝિંદા રહેસે ? આ તરહના સવાલોનો જવાબ જે વક્ત એ તલાશ કરેચ તો એને થાઈચ કે, પહેલામાં પહેલા એને પોતે એક અબ્દ-બંદો છે એની માઅરેફત કરવાનીચ.

આ માઅરેફતનું નામ છે **ઊબૂદીયત** કે, જે વક્ત બંદો ઈબાદત તરફ વલેચ. પોતે પહેલા કઈ જ ન્હોતો, પછી એને ઝિંદગી મિલી, તે પછી મૌત આવ્વાસી એ પાછો કઈ જ નહીં રહે, આ હાલાત એને સોચવા પર લાચાર કરી દેચ કે, એને કઈ ખૈર અને અચ્છાઈના કામો કરીને જાવાનાચ. એની પોતાની ઝાત વાસ્તે હયાત, મૌત યા રોઝી એના કબ્ઝામાં બિલકુલ નથી, તો એને તે હસ્તીને મનાવવાનીચ કે, **જેના હાથમાં આ તમામ ચીઝો હોય.** પોતાની ઝાત કિતલી પસ્ત, નીચે, કમ્ઝોર, ઢીલી, ગંદી, નાકિસ, કાસિર, ગુનેહગાર છે તે એ જાનેચ. લેહાઝા, આમાંસી નિકલવા વાસ્તે બંદો ઈબાદતના અલગ-અલગ રસ્તાઓ ઢુંઢેચ.

એને એમ અહેસાસ થઈ જાઈચ કે, એના રબ્બ તરફ પહોંચવા વાસ્તે કોઈ સાહેબ તો એને આસપાસ છે જ કે, બીજા ગુનેહગારો કરતા અલગ છે, પાક છે, હિદાયત દેનાર છે. **ઊબૂદીયતનું પહેલું પગથિયું રબ્બના હુજ્જત તરફ જાવું છે.** આ સાહેબ ઈબાદતોના તરીકા સીખાવે અને તે જ રસ્તાથી પોતાની માઅરેફત થયા પછી બંદાને ખબર પડે કે એનો રબ્બ કિતલો આઅલા છે, અકબર છે. ઈબાદતમાં જ પૂરી ઝિંદગી ગુઝરી જાય કે બંદાને ખબર જ ના પડે કે એના રબ્બની રૂબૂબીયત સું હોય. કિમકે, તે વાસ્તે અક્લની બલંદી વાસ્તે દૌરના દૌર દરકાર છે. ✯

## " નમાઝ મેં "

અપની જબીં કે સાથ જબ દિલભી ઝુકા નમાઝ મેં,
પાયેગા બિલ યકીં તું જો હે મઝા નમાઝ મેં.
દર દર ભટક રહા હે ક્યોં દર્દ ઔર ગમ સે તું,
ગાફિલ હે તેરે દર્દ કી રખ્ખી દવા નમાઝ મેં.
દિલ કા સુકૂન ચાહીયે મુમિન તુઝે તો આકે દેખ,
કિત્ની હૈં રાહતેં નિહાં જલ્વાનુમા નમાઝ મેં.
પા જાયેગા યકીન હે અપની તુ સર બલંદીયાઁ,
મુમિન તું છોડ રંજો ગમ ઉઠ ઔર આ નમાઝ મેં.
ફરમાને બંદગી બજા ઈઝહારે બંદગી ભી કર,
બંદએ રબ હે તું અગર આ કર દિખા નમાઝ મેં.
નૂરો સુરૂર કે મઝે તુઝકો મીલેંગે બિલ યકીં,
પરદએ દિલ કો અપને તું આકર ઉઠા નમાઝ મેં.
મુમિન જહાઁ મેં સુર્ખરૂ હોતા હૈ ઔર રહેગા,
ઘર મેં રહા નમાઝ મેં બાહર રહા નમાઝ મેં. ✯

**ઈન્સાફ હશે તો ઘરનો હર એક ફર્દ ખુશ રહેશે.**

## તહેનીયત ઈદુલ ફિત્ર

સદ શુક્ર તે ખાલિકનો જે રબ્બે જલાલી છે,
હર શયને અદમસી જે યે કે નિકાલી છે.
જે રબ્બ યે દિખાડ઼ં છે આ ઈદના દિવસ ને,
જે ઈદની ફરહતની આલમ માં બહાલી છે.
રાતોને કરી ઝિંદા અલ્લાહની ઈબાદત માં,
તે સબના મકામો બસ મહેમૂદ ને આલી છે.
રોઝાને કરા જે યે રોઝાની શરત મુજબ,
નાઝિલ થઈ તે ખાતિર ઇન્આમની થાલી છે.
ઈદો તો ઘની છે પન આ ઈદ તો સરવે માં,
ફરહતને ફઝીલત માં કઈ શાન નિરાલી છે.
કરીએ ન નિછાવર કિમ સો જાન આ સરવર પર,
બુસ્તાને મોહંમદના બાની છે ને માલી છે.
આ ઈદની ફરહતમાં મસ્રૂર રહે મૌલા,
ખુશીયો સી ઝુકેલા છે હર ફૂલ ને ડાલી છે.
છે ભેદની વાતો જે આ દીનમાં છુપેલી,
મૌલા તેને જાને છે, ગૈર એના સી ખાલી છે.
ખૈરાતના છે હાતિમ, છે બહાર બરકતોની,
હર પલ હમેં લેવાને બરકતના સવાલી છે.
ગુમ્રાહીના દરીયામાં, ફિત્નાના તલાતુમમાં,
કિશ્તીને હિદાયતની મુશ્કિલમાં સંભાલી છે.
પસ્તીમાં હમેશા આ મૌલાના અદૂ રહેસે,
હર વક્ત મોહિબ્બ એના હર હાલમાં આલી છે.
છે આપ પિસ્તાલીસવાઁ અલ્લાહના દોઆતોં માં,
સૂરજની મિસિલ જેની કે શાન નિરાલી છે.
આ શેહના મોહિબ્બના છે અય્યામ સદા રોશન,
ને દુશ્મને દાઅવતની રાતો સદા કાલી છે.
હર દમ આ દોઆ રબ સી હામિદની છે કે જે યે,
તાહાની ગુલામીમાં ઇઝ્ઝતને નિહાલી છે. ☆

**જમાઅતના મુમેનીન મુખ્લેસીનને ઈદુલ ફિતર યાઅની ઈદુન્નેઅમત મુબારક થાય.**

**આ તહેનીયત તે બેશુમાર નેઅમતોં જે અલ્લાહતઆલાએ ઈમાનો ઈસ્લામના સાયામાં મુમેનીનને આપેલી છે, તેની શુક્રગુઝારી વાસ્તે છે. અલ્લાહતઆલા સબર, શુક્ર અને યકીનની નેઅમતને હમેશા અહલે ઈમાનમાં બાકી રાખે, આમીન.** ☆

**નોંધ :** મુમેનીનના ઘરોમાં અસ-સહીફતુલ અલવીયહ, અસ્હાબુલ યમીન, કિતાબુલ વસાયા, અલવી અકીદાઓની કિતાબ અને A Neo-Fatemid Treasury of Books (Olly Akkerman) કિતાબો હોવી ખૂબ ઝરૂરી છે કે જેની તફતીશ મીસાક યા નિકાહની અરઝ પહેલા કરવામાં આવશે. ☆

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **શૈખ ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.



Private Circulation For **Isma'ili - Taiyebi - Alavi Bohra Mumineen** Only.